GJSR100001172019

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૯/૧૦/૨૦૧૯ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૦૯/૧૦/૨૦૧૯ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન |
| | ૦૬ ૦૫ ૦૯ |

**ફોજદારી કેસ નં. :– ૮૨/૨૦૧૯**
**ચુકાદો આંક :–**

**:: નમૂના – અ ::**

| | |
|---|---|
| **ઉમરપાડાના પ્રિન્સીપાલ સિવિલ જજ તથા જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.ઉમરપાડા, જિ.સુરત.** | |
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ઈ.પી.કો કલમ – ૩૯૨, ૩૪૧, ૧૧૪ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૮/૨૦૧૮ |
| પોલીસ સ્ટેશન | ઉમરપાડા પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદી પક્ષ | શ્રી સરકાર |
| રજૂઆત | એ.પી.પી.શ્રી એસ. જે. વસાવા. |
| આરોપી પક્ષ | (૧) દિપકભાઈ ઉર્ફે ડીપ્સ ઉર્ફે કોળીયો દિનેશભાઈ વસાવા રહે. જબુગામ, રામપરા ફળિયું, તા.વાલીયા, જિ.ભરૂચ<br>(૨) વિકેશકુમાર ઉર્ફે જશી રવિદાસભાઈ વસાવા રહે. ભમાડીયા, તળાવ ફળિયું, તા.વાલીયા, જિ.ભરૂચ<br>(૩) રાકેશકુમાર ઉર્ફે સુનિલભાઈ મનહરભાઈ વસાવા રહે. ભમાડીયા, કોલોની ફળિયું, તા.વાલીયા, જિ.ભરૂચ |
| રજૂઆત | વિ.વકીલશ્રી એચ.જી.વસાવા. |

**:: નમૂના – બ ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૩/૦૭/૨૦૧૮ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૪/૦૭/૨૦૧૮ |
| આખરી અહેવાલની તારીખ | ૨૫/૧૦/૨૦૧૯ |

| | |
|---|---|
| તહોમતનામાની તારીખ | ૨૪/૦૭/૨૦૨૦ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૪/૧૨/૨૦૨૦ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

## **:: આરોપીની વિગત ::**

| આરોપીનું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતિ સંહિતા ની કલમ ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દિપકભાઈ ઉર્ફે ડીપ્સ ઉર્ફે કોળીયો દિનેશભાઈ વસાવા | ૦૩/ ૧૦/ ૨૦૧૮ | ૧૪/ ૧૨/ ૨૦૧૮ | ઈ.પી.કો કલમ– ૩૯૨, ૩૪૧, ૧૧૪ | નિર્દોષ | – | – |
| ૨ | વિકેશકુમાર ઉર્ફે જશી રવિદાસભાઈ વસાવા | ૦૩/ ૧૦/ ૨૦૧૮ | ૨૭/ ૧૧/ ૨૦૧૯ | | | | |
| ૩ | રાકેશકુમાર ઉર્ફે સુનિલભાઈ મનહરભાઈ વસાવા | ૦૩/ ૧૦/ ૨૦૧૮ | ૧૪/ ૧૨/ ૨૦૧૮ | | | | |

## :: જજમેન્ટ ::

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:–**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ કલાક ૧૫:૩૦ વાગેના સુમારે મોજે વાડી ગામ, રેટા ફળિયાથી વાડી ગામ તરફ જતા રોડ ઉપર આ કામના ફરિયાદી નાઓ પાસેથી ડિલેવરી પાર્સલના રોકડા રૂ.૧૦,૦૦૦/– તથા ફરિયાદીના પોતાના રૂ.૯૦૦/– તથા ફરિયાદીનો મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૦૦૦/– તથા પાર્સલો નંગ–૦૮, કિંમત રૂ.૧૧,૮૩૮/– મળી કુલ રૂ.૨૭,૭૩૮/– ના મત્તાની લૂટ કરી નાસી જઈ પાછળથી પકડાઈ જઈ ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૯૨, ૩૪૧, ૧૧૪ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે.

(૨) પોલીસ અહેવાલ રજુ થતાં, હાલના આરોપીઓની સામે હાલનાં કામની ઈન્સાફી કાર્યવાહી માટેના સમન્સ કાઢવામાં આવતા આ કામના આરોપીઓ તેઓના વિ.વ.શ્રી સાથે અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડમાં દર્શાવેલ ટ્રાયલ અન્વયે વોરંટ ટ્રાયેબલ મુજબ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૦ મુજબ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી સદર તહોમતનામાની હકીકત સબ કલોઝ (૨) મુજબ આરોપીઓને વાંચી સમજાવી સંભળાવીને આંક–૦૪, આંક–૨૭ તથા આંક–૨૮ લગત આરોપીઓનું નિવેદન નોંધેલ છે. જેમાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરતા અને કેસ ચલાવવાની માંગણી કરતા આ કામ ફરીયાદ પક્ષના પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ. **નોંધ:–** હાલના કામના આરોપી નં.(૧) તથા (૩) નાઓ કાર્યવાહની શરૂઆતના તબકકે કોર્ટ રૂબરૂ હાજર રહેલ ન હોય તેઓ સંબંધી કેસ હાલના કેસની કાર્યવાહી અલગ કરવામાં આવેલ હતી. કાર્યવાહીના તબકકે ફરિયાદીની જુબાની રેકર્ડ કરવામાં આવેલ હતી અને તે ત્યારબાદ આરોપી નં.(૧) તથા (૩) નાઓ હાજર થતા તેઓની પ્લી નોંધવામાં આવેલ છે. આરોપી હાજર થયા બાદ ફરિયાદીને ફરી

રી–કોલ કરી જુબાની નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે હાલના કામે આક્ષેપાયેલ તહોમત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તર્ફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

**:: નમૂનો ક ::**

**–:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો::–**

**મૌખિક પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૧૪ થી ફરિયાદી ચૌધરી પંકજભાઈ રાયસિંગભાઈની જુબાની |
| ૦૨ | આંક–૩૦ થી પંચસાહેદ મહેશભાઈ શંકરભાઈ વસાવાની જુબાની |
| ૦૩ | આંક–૩૪ થી પંચસાહેદ દિનેશ ઉર્ફે દિવ્યેશકુમાર જશવંતભાઈ વસાવાની જુબાની |
| ૦૪ | આંક–૩૫ થી પંચસાહેદ કૌશિકભાઈ દેવજીભાઈ વસાવાની જુબાની |
| ૦૫ | આંક–૩૭ થી સાહેદ પલ્લવીબેન પંકજભાઈ વસાવાની જુબાની |
| ૦૬ | આંક–૪૦ થી સાહેદ નીમેશભાઈ રતિલાલભાઈ વસાવાની જુબાની |
| ૦૭ | આંક–૪૫ થી સાહેદ સંજયભાઈ વેસ્તાભાઈ વસાવાની જુબાની |
| ૦૮ | આંક–૪૬ થી સાહેદ ધર્મેશભાઈ સોનજીભાઈ વસાવાની જુબાની |
| ૦૯ | આંક–૪૮ થી તપાસ કરનાર અમલદાર વીરસિંગભાઈ નાથાભાઈ તડવીની જુબાની |
| ૧૦ | આંક–૪૯ થી તપાસ કરનાર અમલદાર ઝાંઝાભાઈ લક્ષ્મણભાઈ ઓડેદરાની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૧૫ થી ગુનાની અસલ ફરીયાદ |
| ૦૨ | આંક–૩૧ થી અસલ ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૦૩ | આંક–૩૨ થી અસલ આરોપીઓનું અટક કર્યાનું / મુદામાલ કબજે કર્યાનું પંચનામું |

**–:: બચાવ પક્ષ તરફે પુરાવો ::–**

(બી) બચાવપક્ષ તરફે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**–:: કોર્ટ તરફે પુરાવો ::–**

(સી) કોર્ટ તરફથી મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :

| અનુ. નં. | વિગત |
|---|---|
| –– | –– |

**મુદ્દામાલની વિગત :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | કાંડા ઘડિયાળ, હેડફોન, વોલેટ, બ્લૂટુથ, સ્ટોર કિપર (ચોપડી) |

**–:: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન ::–**

(૪) ત્યારબાદ ફરીયાદ પક્ષ તર્ફે ઉપરોકત પુરાવા રજૂ કર્યા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી એસ.જે.વસાવા નાઓની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ આરોપીઓના વધારાનાં નિવેદન માટે રાખી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધતા આરોપીઓએ ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ખોટો છે અને તેઓ કશું જાણતા નથી તેમ જણાવી તેઓએ સોગંધ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવનાં સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, અમો આરોપીઓ નિર્દોષ છીએ. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપીઓ તર્ફે પુરાવાઓ રજૂ કરવાનો હકક પૂર્ણ થયાનું જાહેર કરી હાલનું કામ બંને પક્ષની આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

**–:: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૪ મુજબ દલીલ ::–**

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પૂર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રી ની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ અને આ કામ કેસના નિર્ણય ઉપર રાખવામાં આવેલ.

(૬) આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ, તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:: ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૦ મુજબનું તહોમતનામું ::–**

**–:: મુદાઓ ::–**

**( આરોપીઓ સામેનો ચાર્જ)**

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ કલાક ૧૫:૩૦ વાગેના સુમારે મોજે વાડી ગામ, રેટા ફળિયાથી વાડી ગામ તરફ જતા રોડ ઉપર આ કામના ફરિયાદી નાઓ પાસેથી ડિલેવરી પાર્સલના રોકડા રૂ.૧૦,૦૦૦/– તથા ફરિયાદીના પોતાના રૂ.૯૦૦/– તથા ફરિયાદીનો મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૦૦૦/– તથા પાર્સલો નંગ–૦૮, કિંમત રૂ.૧૧,૮૩૮/– મળી કુલ રૂ.૨૭,૭૩૮/– ના મત્તાની લૂટ કરી નાસી જઈ પાછળથી પકડાઈ જઈ ગુનો કરી ભારતીય ફોજદારી ધારાની કલમ– ૩૯૨, ૩૪૧, ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણય :–**

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**–: કારણો :–**

(૮) કોઈપણ ફોજદારી પ્રકીયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીઓ ને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીઓની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીઓએ સદર ગુન્હો ન કરેલ હોવાનું માની આરોપીઓએ કરેલ ગુન્હામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપીઓ વિરુદધ કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની હોય છે, જે કોઈ પણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરૂદધ હીમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરૂદધ સ્ટેટ ઓફ યુ.પી ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઈએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહીત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગતતા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરીયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગતતા, વિસંગતતા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગતતાના

કારણે ફરીયાદ પક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીઓને મળવો જોઈએ.

---

**ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪ર મુજબનો ફરીયાદ પક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

**–:: ઓકયુલર એવીડન્સ ::–**

---

(૯) આ કામે ફરીયાદ પક્ષ તર્ફે સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને તેઓની આરોપીઓ તર્ફેના વિ.વ.શ્રી દવારા લંબાણપૂર્વકની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને આથી સદર સમગ્ર પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ હોવાથી તેઓની ચર્ચા અત્રે કરવામાં આવતી હોવાથી પુનરાવર્તન ટાળવાના હેતુ માત્રથી ફરીયાદી અને સાહેદોની સોગંધ ઉપરની જુબાની અને ઉલટતપાસનું સંપૂર્ણ વર્ણન અત્રે કરવામાં આવેલ નથી.

(૯/૧) ફરિયાદપક્ષે આંક–૧૪ થી ફરિયાદી ચૌધરી પંકજભાઈ રાયસિંગભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, ફરિયાદવાળો બન્યા તારીખ યાદ નથી. ત્રણ વાગે દિવસે બનેલ. રેટા ગામથી આગળ બનેલ. મે ફરિયાદ આપેલ હતી. જે ફરિયાદમાં મારી સહી છે. જે આંક–૧૫ થી રજૂ છે. હું પાર્સલ ડિલીવરીનું કામ કરૂ છું. બનાવના દિવસે હું પાર્સલ આપતો આપતો ત્રણ વાગે રેટા ગામે આવેલ ત્યારે રેટાથી ઉમરપાડા વચ્ચે મારી પાસે એક બાઈક આવેલી અને મને પટ્ટાથી મારેલ. આ બનાવ રેટા ગામથી થોડો આગળ બનેલ. મારી પાછળ રેટા ગામથી એક બાઈક આવેલ તેનો નંબર ખબર નથી. મેં તેને સાઈડ આપેલ એટલે તેઓ મને પટ્ટાથી મારવા લાગેલા. મારી આગળ તેમની બાઈક ઉભી રાખેલ. બે જણે મને પકડી રાખેલ અને એક જણાએ પેટ ઉપર ચપ્પુ રાખેલ. રામપુરી ચપ્પુ હતુ તેવુ લાગતુ હતુ. એક વેતથી મોટુ હતું. તે લોકોએ મારા પૈસા તથા પાર્સલો બધ્ધુ લઈ લીધેલ. મારી બાઈકની ચાવીને લઈને ખેતરમાં ફેંકી દીધી. પછી તે લોકો જતા રહેલ. હું ચાવી શોધી લાવેલ. પછી હું વાડી તરફ આવવા લાગેલ. બનાવમાં કુલ ર૭,૮૩૮/– નો મુદામાલ ચોરાયેલ હતો. એક આરોપીને આંખ ઉપર નિશાન હતું. લગભગ તેની ડાબી આંખ ઉપર હતું. એક

વાંકોડીયાવાળ વાળો અને ઉંચો હતો. તે પાંચ ફુટ હતો. ત્રીજો માણસ નીચો બટકો હતો તેને મને પકડેલ. ઉભો માણસે પણ મને પકડેલ. વાંકડીયાવાળ વાળો માણસ ચપ્પુ લઈને આગળ ઉભો હતો. બનાવ ૫ મીનીટ ચાલેલ. પોલીસે મામલતદાર સાહેદ ઉમરપાડા રૂબરૂ આરોપીની ઓળખ પરેડ કરાવેલી.

**નોંધ :–** સદર ફરિયાદીની સરતપાસ આરોપી નં.(૧) તથા (૩) ની ગેરહાજરીમાં કોર્ટ ધ્વારા નોંધવામાં આવેલ હતી. બાદ આરોપીઓ હાજર થતા તેઓની પ્લી ચાર્જ કરી એપીપીશ્રીની મૌખિક રજૂઆતથી સરતપાસનો હકક ખોલવામાં આવેલ છે અને તેઓની વધારાની સરતપાસ લેવામાં આવેલ છે.

ચોરીનો બનાવ સને–૨૦૧૯માં બનેલો. બનાવ બનેલો તે સમયે હું ઈ–કોર્મ એકસપ્રેસ નામની કુરીયર કંપનીમાં, ઉમરપાડા નોકરી કરતો હતો. હું કુરીયર બોયની નોકરી કરતો હતો. હું મારી ઓફીસે હાજર હતો તે વખતે હું ઓફીસેથી ૧૦ વાગ્યે નીકળેલ હતો. હું મારી ટુ વ્હીલર બાઈક લઈ અને આશરે ૨૦ જેટલા પાર્સલ લઈ નીકળેલ હતો. હું પાર્સલની ડીલીવરી કરતો હતો ત્યારે રેંટા ગામમાં પાર્સલ આપી પાછો પરત આવતો હતો તે વખતે રેંટા ગામમાંથી ખેતરવાળા રસ્તે થઈ વાડી નીકળે છે તે રસ્તા પર એક બાઈક ઉપર ત્રણ જણા આવેલા અને મને ઉભો રાખેલો અને મને કહેલ કે , તુ નકલી પાર્સલ આપી જાય છે. તેમ કહેતા હું ઉભો રહેલો, તે વખતે આરોપીઓએ મને પકડી મારી પાસેથી પાર્સલ વાળો થેલો લઈ ગયેલા. જેની અંદર આશરે પંદરેક જેટલા પાર્સલ હતા. જેમાં કેટલી કિંમતના અને કયો કયો સામાન હતો તેની મને ખબર નથી અને આરોપીઓએ બનાવ સમયે મારો મોબાઈલ તથા મારી ગાડીની ચાવી લઈ લીધેલી હતી અને તેઓએ આગળ જઈ મારો મોબાઈલ તથા ચાવી એક ખેતરમાં નાખી દીધેલ તે મેં દૂરથી જોયેલ. હવે કહું છું કે ફકત ચાવી નાંખી દીધેલ. જે ચાવી હું લઈ આવેલો. ત્યારબાદ મેં મારા સુપરવાઈઝર હેમંતભાઈ ગામીત નાઓને લૂંટ થયા અંગેની જાણ કરેલી. આરોપીઓ આ લૂંટ થયેલ તે સમયે મોઢા ઉપર રૂમાલ બાંધી ત્યાં આવેલા હતા. જેથી મેં આરોપીઓને જોયેલા નહી. ત્યારબાદ મને પોલીસે આરોપીઓની ઓળખ મામલતદારશ્રી ની રૂબરૂમાં કરાવેલી. જેથી હું આરોપીઓને જોયેથી ઓળખુ છું. જેઓ આજરોજ કોર્ટમાં હાજર છે તે જ છે. બનાવની ફરીયાદ મેં ઉમરપાડા પો.સ્ટે. આપેલી હતી. આંક–૧૫ વાળી ફરીયાદમાં મારી સહી છે.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ મેં મૌખિક આપેલી હતી. રૈંટા ગામમાં કોને પાર્સલ આપવા ગયેલા તેના નામ–સરનામા જણાવેલ નથી. ફરીયાદમાં આરોપીઓના નામ–સરનામા જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે મને નામ–સરનામાની ખબર ન હતી. આરોપીઓની ગાડીનો નંબર ફરીયાદમાં જણાવેલ નથી. રૈંટા અને વાડી નજીક નજીક આવેલા છે. રસ્તાની આજુબાજુ ઘણા ખેતરો આવેલા છે.

(૯/૨) ફરિયાદપક્ષે આંક–૩૦ થી પંચસાહેદ મહેશભાઈ શંકરભાઈ વસાવા તથા આંક–૩૪ થી પંચસાહેદ દિનેશ ઉર્ફે દિવ્યેશકુમાર જશવંતભાઈ વસાવા નાઓને તથા આંક–૩૫ થી પંચસાહેદ કૌશિકભાઈ દેવજીભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ આંક–૩૧ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામામાં તથા આંક–૩૨ થી આરોપીઓને સાથે રાખી રીકસ્ટ્રકશન તથા મુદામાલ કબજે કર્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે તે સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મેં તૈયાર પંચનામાં માં સહી કરેલી તે સિવાય બીજુ કાંઈ જાણતો નથી. પંચનામામાં શું લખેલુ તેની મને જાત માહીતી નથી.

(૯/૩) ફરિયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ પલ્લવીબેન પંકજભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને–૨૦૧૮ની સાલમાં મેં ઓનલાઈન ખરીદી હતી તેનું પાર્સલ ઈ–કોમ એકસપ્રેસ કંપનીવાળા હું રૈંટા ગામમાં રહેતી હતી ત્યારે આપેલ હતા. સાંજે ૪–૪:૩૦ ના અરસામાં મને પાર્સલ આપીને ગયેલ હતા.ત્યારબાદ અડધા–દોઢ કલાક બાદ મારા ઘરે જે ભાઈ પાર્સલ આપીને ગયેલા હતા તેઓની સાથે પોલીસ આવેલ હતી.ત્યારે મને જે ભાઈએ પાર્સલ

આપીને ગયેલ તેણે પોલીસ રુબરુ જણાવેલ કે ,મને પાર્સલ આપી અને વાડી જવા નીકળેલા હતા ત્યારે રૈંટાથી વાડી જતા વચ્ચમાં સુમસામ રસ્તો આવેલો છે ત્યાં પાર્સલ આપનાર ભાઇને સ્કુટીવાળા ઈસમે રોકી અને તેમને ચપ્પુ બતાવી અને તેમની પાસેથી સામાન તેમજ રોકડ રકમ લૂંટી લીધેલ હતો. તેમજ તેમની પાસે જે ફોન હતો પણ લૂંટી લીધેલ હતો. ત્યારબાદ મને પુછેલ કે પાર્સલ વાળા ભાઈ કેટલા વાગ્યે આવેલ હતા,જેથી મે તેઓને જણાવેલ કે ચાર થી સાડા ચાર ના ગાળામાં આવેલ હતા.ત્યારબાદ પોલીસે મારુ નિવેદન લીધેલુ. ત્યારબાદ ૩ થી ૪ મહીના પછી મને બીજા લોકો મારફતે જાણવા મળેલ કે પાર્સલ આપનાર ભાઈ સાથે ત્રણ છોકરાઓએ લૂંટ કરેલ હતી. આ સિવાય બીજુ કાંઈ જાણતી નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હું છ થી સાત વર્ષથી શિક્ષિકા તરીકે નોકરી કરુ છું. મે કઈ તારીખે પાર્સલ આપેલ તે તારીખ જણાવેલ નથી. પાર્સલ આપનાર ભાઈનું નામ મને ખબર નથી. સાહેદ જણાવે છે કે હું જોચેથી ઓળખી શકું. બનાવ મે નજરે જોયો નથી, બનાવ બન્યો તે સમયે હું મારા ઘરે હતી.

(૯/૪) ફરિયાદપક્ષે આંક–૪૦ થી સાહેદ નીમેશભાઈ રતિલાલભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું પંકજભાઈ રાયસીંગભાઈ ચૌધરીને ઓળખુ છું. તેઓ પાસેથી ઓનલાઈન હું વસ્તુઓ મંગાવતો હતો.જેથી તેઓ આપવા આવતા હતા, જેથી ઓળખુ છું. તેઓ બનાવના દિવસે મારા ઘરે બપોર પછી આવેલા હતા અને મને જણાવેલ કે, તેઓ વાડી થી રૈંટાવાળા રસ્તે જતા હતા તે વખતે બે જણા આવેલા અને બાઈક ઉભી રાખી મને ચપ્પુ બતાવી અને મારી પાસેથી ડીલીવરીનો સામાન અને મારો ફોન છીનવી લીધેલ હતો અને તેઓએ મારી પાસેથી મારો ફોન માંગેલ અને ઓફીસે જાણ કરેલ. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલો.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની તારીખ હું કહી શકુ નહી. બનાવના દિવસે હું મારા ઘરે હતો. પંકજભાઈએ મને આરોપીઓની મોટરસાઈકલની વિગત જણાવેલી નહી.

પંકજભાઈ મારી પાસે બપોર પછી આવેલ હતા. પંકજભાઈએ મને ઉમરઝર આવીને બનાવની જાણ કરેલી હતી. પંકજભાઈએ મને લૂંટ કરનાર ઈસમોના નામ જણાવેલા નહી. પોલીસે બનાવ બાબતે થોડી માહીતી લઈ જવાબ લખેલ હતો.

(૯/૫) ફરિયાદપક્ષે આંક–૪૫ થી સાહેદ સંજયભાઈ વેસ્તાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું સને–૨૦૧૮ ની સાલમાં ઈ–કોમ એકસપ્રેસ કપંનીમાં ડીલીવરી મેન તરીકે નોકરી કરતો હતો.અમારી કામગીરીમાં ઓનલાઈન ખરીદીના ચીજવસ્તુઓના પાર્સલ જે તે સરનામા ઉપર ડીલીવરી કરવાનુ કામ કરતા હતા. બનાવમાં એવુ બનેલ કે બનાવ સમયે અમારી કંપનીમાં નોકરી કરતા પંકજભાઈ રાયસીંગભાઈ ચૌધરીનાઓએ બપોર પછીના સમયે ૩ વાગ્યાની આજુબાજુ વાડી થી રેંટા વચ્ચેના રસ્તે પાર્સલની ડીલીવરી કરવા જતા હતા ત્યારે તેમની પાસેના પાર્સલોની ૩ જણાએ લૂટ કરેલ હતી તેવુ મને ફોનથી જાણવા મળેલ.લૂંટમાં ત્રણેય આરોપીઓ અગાઉથી ત્યાં બેઠેલા હતા, તેઓ ધાકધમકી આપી ચપ્પુ બતાવી તેઓની પાસેથી મોબાઈલ તથા પાર્સલ વિગેરેની લૂંટ કરી ભાગી ગયેલા.આ સિવાય બીજુ કાંઈ જાણતો નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી પંકજભાઈ મારા મામાના છોકરા છે. પંકજભાઈએ મને લૂંટ બાબતે મને ૪ થી ૫ વાગ્યાના ગાળામાં ફોન કરેલો. પંકજભાઈએ મને આરોપીઓના નામ–ઠામ જણાવેલા નથી.

(૯/૬) ફરિયાદપક્ષે આંક–૪૬ થી સાહેદ ધર્મેશભાઈ સોનજીભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું સને–૨૦૧૮ ની સાલમાં ઝંખવાવ ગામમાં શાંતિનીકેતન હાઈસ્કુલની સામે રહેતો હતો. હાલના બનાવ બાબતે હું કાંઈ જાણતો નથી. મે ૨૦૧૮ની સાલમાં કોઈ ઓનલાઈન ખરીદી કરેલ હોય તેવુ હાલ મને ધ્યાનમાં નથી તેમજ કંપનીના ડીલીવરી મેન સાથે કોઈ બનાવ બનેલ હોય તેવુ મને જાણ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં

એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, હાલના બનાવ બાબતે મને કોઈ જાતમાહીતી નથી.

(૯/૭) ફરિયાદપક્ષે આંક–૪૮ થી તપાસ કરનાર અમલદાર વીરસિંગભાઈ નાથાભાઈ તડવી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું સને ૨૦૧૭ થી ૧૮ માં ઉમરપાડા પો. સ્ટે. પી.એસ.આઇ તરીકે મારી ફરજ બજાવતો હતો. તે વખતે ઉમરપાડા પો. સ્ટે. પાર્ટ એ ૦૦૧૮/૨૦૧૮ ઇ.પી.કો. કલમ–૩૯૨, ૩૪૧, ૧૧૪ મુજબના ગુનાની ફરીયાદ અમારી રૂબરૂ પી.એસ.ઓ.એ નોંધી લઇ આગળની તપાસ અમોને સોપતા તે સંભાળી લઇ અમોએ ગુનાવાળી જગ્યાનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલુ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીઓને વાલીયા પો. સ્ટે. માં સી.આર.પી.સી. કલમ–૪૧(૧)બી મુજબ અટક કરેલ હોય તેઓએ હાલના ગુનામાં કબુલાત કરતા હોય તેની વર્ધિ અમો વાલીયા પી.એસ.ઓ.એ આપેલી હતી. જેથી અમો વાલીયા પો. સ્ટે. ગયેલા અને વાલીયા પો.સ્ટે. થી આરોપી એ ચોરી કરેલ મુદ્દામાલ પાવતી સહીત મેળવેલ. ત્યારબાદ સદર આરોપીની નેત્રંગ પો.સ્ટે ગુના રજી.નં. ૦૦૫૬/૨૦૧૮ ના કામે અટક કરવામાં આવેલ હોય અમોએ ટ્રાન્સફર વોરંટથી નેત્રંગ કોર્ટમાંથી આરોપીનો કબજો મેળવેલ. ત્યારબાદ આરોપીઓના રીમાન્ડ મેળવેલ તે દરમ્યાન આરોપીઓએ ત્રણેય આરોપીએ આ રકમ સરખા ભાગે વહેચી લીધેલાનું કબુલ કરેલું. રીમાન્ડ પુરા થતા સદર આરોપીઓને નામદાર કોર્ટમાં મુદત અંદર હાજર કરેલા. ત્યારબાદ અમારી બદલી તા. ૧૨/૧૧/૨૦૧૮ ના રોજ કડોદરા જી.આઇ.ડી.સી. ખાતે થતા આગળની તપાસ પી.એસ.આઇ.શ્રી, ઝેડ.એલ.ઓડેદરાનાઓને સોંપેલી.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ તુરત જ તપાસની કામગીરી શરૂ કરેલી. ફરીયાદમાં આરોપીઓના નામ સરનામા જણાવેલ નથી. આ બનાવ વાળી જગ્યા વાડી અને રેટા ફળિયા વચ્ચે જાહેર રસ્તો આવેલ છે.

(૯/૮) ફરિયાદપક્ષે આંક–૪૯ થી તપાસ કરનાર અમલદાર ઝાંઝાભાઈ લક્ષ્મણભાઈ ઓડેદરા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સદર બનાવ ગઇ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ બનેલ હોય અને તા. ૨૪/૦૭/૨૦૧૮ ના

રોજ જાહેર થયેલ હોય સદર જે ગુના રજી. નંબર ૦૧૮/૨૦૧૮ ઈ.પી.કો. કલમ-૩૯૨, ૩૪૧, ૧૧૪ ની તપાસ અમારા પુરોગામી અધિકારીશ્રીએ તપાસ કરી અમારી બદલી ઉમરપાડા પો. સ્ટે. થતા અમોએ આગળની તપાસ સંભાળી લીધેલી. આગળના તપાસ અધિકારીના તપાસના કાગળો વંચાણે લેતા આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ. આરોપીઓને જોયેથી ઓળખુ છું.

સદર સાહેદની બચાવપક્ષ તર્ફે વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મે આ કામે માત્ર ચાર્જશીટ કરેલ છે તે સિવાય અન્ય કોઈ કામગીરી કરેલ નહી.

---

**:: ભારતિય પુરાવા અધિનિયમની કલમ-૩ મુજબ રેકર્ડ પર આવેલ પુરાવાનું સર્વગ્રાહી મૂલ્યાંકન ::**

---

(૧૦) આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપીઓ સામેનો ગુનો ફરિયાદપક્ષે નિશંકપણે પુરવાર કરવો જોઈએ અને જયાં સુધી ફરિયાદ પક્ષ આરોપીઓ સામેનો કેસ શંકાથી પર સાબિત ન કરે ત્યાં સુધી આરોપીઓ નિર્દોષ છે તેવું અનુમાન કોર્ટે કરવું જોઈએ. હાલના આ કેસ સંબંધિત ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં ''પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રકિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જયારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ-૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબંધીત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપીઓ સામેનો

આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબિત થયેલ હોય તો આરોપીઓના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ પુરાવા ધ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીઓને કસૂરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપિત ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપીઓ ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપીઓ પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૧) ઉપરોકત હકીકતે ફરીયાદપક્ષે રજુ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષે આંક–૧૪ થી ફરિયાદી ચૌધરી પંકજભાઈ રાયસિંગભાઈનો પુરાવો વંચાણે લેતાં, ફરિયાદી ડિલીવરી આપવા જતા હતા ત્યારે આરોપીઓએ તેની મોટર સાયકલ વડે તેઓને પટ્ટાથી મારેલ અને તેઓની ચપ્પુ બતાવી તેઓ પાસે રહેલ મુદામાલની લૂંટ કરેલ હોવાનું જણાવેલ છે. આરોપીઓ આ લૂંટ થયેલ તે સમયે મોઢા ઉપર રૂમાલ બાંધી ત્યાં આવેલા હતા, જેથી તેઓએ આરોપીઓને જોયેલ નહી હોવાનું જણાવેલ છે. વધુમાં આરોપીઓની ઓળખ અંગે મામલતદાર રૂબરૂ ઓળખ પરેડ કરેલ હોવાનું જણાવેલ છે, જેથી આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. હાલના કામે સદર કામનું રેકર્ડ ધ્યાને લેતા ફરિયાદપક્ષ ધ્વારા ઓળખ પરેડ અંગેનું પંચનામું રજૂ રાખેલ નથી તથા કરેલ ઓળખ પરેડ અંગેના પંચનામાના પંચસાહેદોને તથા મામલતદારશ્રીને પણ તપાસવામાં આવેલ નથી. જેથી આરોપીઓની ઓળખ અંગે સ્પષ્ટ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૧૨) સદર બનાવ સમયે ફરિયાદી સિવાય બનાવ સ્થળે અન્ય કોઈ હાજર ન હોય ત્યારે આરોપીઓની ગુનાના કામે અટક થયા અંગે તેમજ મુદામાલ કબજે કર્યા અંગે કરવામાં આવેલ પંચનામા અનુસંધાનેના પંચસાહેદોનો પુરાવો મહત્વનો થઈ રહે છે. ફરિયાદપક્ષે આરોપીઓ પાસેથી મુદામાલ કબજે કર્યા અંગેના પંચસાહેદોને તપાસવામાં આવેલ છે. તેઓ ધ્વારા તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત જણાવેલ

હોય, સદર પંચસાહેદોનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. ફરિયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ પલ્લવીબેન પંકજભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા આ કામના ફરિયાદીએ તેઓને ૦૪–૪:૩૦ વાગ્યાના અરસામાં પાર્સલ આપી ગયેલ હતા અને તેના અડધા–દોઢ કલાક બાદ ફરિયાદી પોલીસ સાથે તેઓના ઘરે ગયેલ હતાં. હાલના કામે ફરિયાદીની સરતપાસ ધ્યાને લેતા તેઓ દ્વારા બનાવ ત્રણ વાગ્યાના અરસામાં બનેલ હોવાનું જણાવેલ છે, જયારે સદર સાહેદના પુરાવા મુજબ ફરિયાદી દ્વારા ૦૪ થી ૦૪:૩૦ વાગે તેઓને પાર્સલ આપેલ હોય, સદર ગુનો બન્યાના સમય અંગે વિરોધાભાષી હકીકત રેકર્ડ પર આવેલ છે. વધુમાં આંક–૩૭ ના સાહેદ દ્વારા બનાવ નજરે જોયેલ ન હોય તેઓનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે. વધુમાં ફરિયાદપક્ષે આંક–૪૦ થી સાહેદ નીમેશભાઈ રતિલાલભાઈ વસાવા નાઓને તથા આંક–૪૫ થી સાહેદ સંજયભાઈ વેસ્તાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓને ફરિયાદીએ તેઓને લૂંટ થયેલ હોવાની હકીકત જણાવેલ હતી અને તે મુજબ તેઓએ સરતપાસમાં જણાવેલ છે, પરંતુ સદર સાહેદ દ્વારા બનાવ નજરે જોયેલ ન હોય તેઓનો પુરાવો હિયરસે સ્વરૂપનો થઈ રહે છે. વધુમાં ફરિયાદપક્ષે આંક–૪૬ થી સાહેદ ધર્મેશભાઈ સોનજીભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા ફરિયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ નથી. જેથી તેઓનો પુરાવો ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૩) વધુમાં ફરિયાદપક્ષે આંક–૪૮ થી તપાસ કરનાર અમલદાર વીરસિંગભાઈ નાથાભાઈ તડવી તથા આંક–૪૯ થી તપાસ કરનાર અમલદાર ઝાંઝાભાઈ લક્ષ્મણભાઈ ઓડેદરાને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા ગુનાની તપાસ કરી, આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં આંક–૪૮ થી તપાસેલ તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપીઓ લૂંટ કરેલ રકમ સરખા ભાગે વહેંચી લીધેલ હોવાનું કબૂલ રાખતા તેઓને ગુનાના કામે અટક કરેલ છે. સદર પોલીસ સાહેદોની જુબાનું મુલ્યાંકન કરતાં હાલના કામે આરોપીઓને કબૂલાતના આધારે હાલના ગુનાના કામે અટક કરવામાં આવેલ છે, પરંતુ ભારતીય પુરાવા અધિનિયમ અન્વયે પોલીસ સમક્ષ કરવામાં આવેલ કબૂલાતને પુરાવામાં કોઈ સ્થાન નથી. પરંતુ જો તેવી કબૂલાતને અન્ય

પુરાવાથી સમર્થન મળતુ હોય તો તેના ઉપર આધાર રાખી શકાય. પરંતુ તેવો કોઈ પુરાવો ફરિયાદપક્ષ તરફે રજૂ રાખવામાં આવેલ નથી. આમ, આરોપીઓ ધ્વારા કરવામાં આવેલ કબૂલાતને સમર્થન કરતો કોઈ પુરાવો રજૂ થયેલ નથી. તે સંજોગોમાં આરોપીઓની પોલીસ સાહેદો સમક્ષની કબૂલાતને ધ્યાને લઈ તેઓ ફરિયાદ મુજબના લૂંટના ગુનામાં કબજે કરવામાં આવેલ મુદામાલ બનાવમાં સંડોવાયેલ છે તેમ કહી શકાય નહી અને તેથી આરોપીઓ ધ્વારા પોલીસ સમક્ષ કરવામાં આવેલ કબૂલાત ફરિયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. નામદાર સુપ્રિમ કોર્ટ **Bhagwan Sinh v/s State of Rajasthan, reported in AIR 1976 SC 985,** has held that if everything is done by the police officer, it would be an infirmity in the case which is bound to reflect on the credibility of the prosecution.

(૧૪) હાલના કામે આરોપીઓ વિરૂધ્ધ લૂંટના ગુનાનો આક્ષેપ છે અને આરોપીઓ મુદ્દામાલ સાથે મળી આવેલ હોવાનું ફરીયાદપક્ષનું કહેવાનું હોય તે સંજોગોમાં મુદ્દામાલ કબજે કરવા સંબંધી કરવામાં આવેલ પંચનામાના કથનો સાબિત કરવા તથા રીકવરી સાબિત કરવા પંચો ફરિયાદપક્ષના કેસને સમર્થન કરે તે ખૂબ જરૂરી બની રહે છે, પરંતુ હાલના કેસમાં પંચોને ફરિયાદપક્ષને સમર્થન કરેલ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદ ફરિયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ હોવા છતાં રીકવરીની સાબિતીના અભાવે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી તે સંજોગોમાં મળી આવેલ મુદ્દામાલ આરોપીઓના કબજામાંથી મળી આવેલ હોય તે મહત્વની હકીકત સાબિત થતી નથી. આ ઉપરાંત **નામ. ગુજરાત હાઈકોર્ટે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ ૧૯૬૦ જી.એલ.આર. ૭૭** માં ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ ફરિયાદપક્ષને જો સમર્થન ના આપતાં હોય ત્યારે પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખી સજા કરી શકાય નહી. આરોપીઓ સામે ફરીયાદપક્ષે જે લૂંટના ગુનાનો મુદામાલ કબજે કરેલ હોય તે અનુસાર રેકર્ડ પરની હકિકતોને ધ્યાને લેતાં, સદર ગુનામાં સ્વતંત્ર સાહેદનું સમર્થન જરૂરી હોવાનું જણાઈ આવે છે. પરંતુ કોઈ સ્વતંત્ર સાહેદને આ કામે તપાસવામાં ન હોય, માત્ર

પોલીસ સાહેદોની જુબાનીથી આરોપીઓને આ ગુનામાં સાંકળી શકાય તે મુજબના પુરાવા પર આધાર રાખી શકાય તેમ નથી.

(૧૫) વધુમાં, સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, હાલના આરોપી દ્વારા પોલીસ તપાસ દરમ્યાન પોલીસ અમલદાર સમક્ષ કરેલ કબુલાત સિવાય હાલના ગુનામાં સાંકળે તેવો અન્ય કોઈ પુરાવો નથી ત્યારે ભારતીય પુરાવા અધિનિયમ, કલમ–૫ તથા કલમ–૨૫ વંચાણે લેવી જરૂરી છે. કલમ–૫ વંચાણે લેતાં, ફરીયાદપક્ષ કાર્યવાહીમાં "**મુદ્દા માહેની**" પ્રત્યેક "હકીકત" તથા એવી અન્ય હકીકતો કે જે **અત્રે હવે** પછી **"પ્રસ્તુત"** ઘોષિત કરવામાં આવી છે, તેના અસ્તિત્વ કે બિન અસ્તિત્વ વિશે પુરાવો આપી શકશે અને "**અન્ય કોઈ વિશે નહીં.**" એટલે કે કલમ–૬ થી ૫૫ માં જે હકીકતો "**પ્રસ્તુત હકીકત**" છે તે જ પુરાવો સ્વીકાર્ય બને અને તે યોગ્ય પદ્ધતિથી રજુ કરવામાં આવે તે ગ્રાહ્ય બને. કલમ–૨૫ મુજબ "એક વ્યક્તિ" કે જે કોઈ ગુન્હાનો આરોપી હોય, તેની વિરુદ્ધ પોલીસ અધિકારીને કરવામાં આવેલ કબુલાત "**સાબિત**" કરી શકાશે નહીં, જેથી આ કામે આરોપી દ્વારા પોલીસ અમલદાર સમક્ષ પોલીસ તપાસ દરમ્યાન કરવામાં આવેલી કબુલાત પ્રસ્તુત ન હોય તેઓની વિરુદ્ધ સાબિત કરી શકાય નહીં. આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચેનો વિખ્યાત ચુકાદો લક્ષમાં લેવો જરૂરી છે કે જેમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૨૪, ૨૫, ૨૬ તથા ૨૭ ની વિગતવારની ઉંડાણપુર્વકની ચર્ચા કરી એવુ ઠરાવવામાં આવેલ છે કે, આરોપી દ્વારા પોલીસ તપાસ દરમ્યાન પોલીસ અમલદાર સમક્ષ કરવામાં આવેલી કબુલાત પુરાવામાં પ્રસ્તુત નથી અથવા આરોપીની વિરુદ્ધ પુરાવામાં સાબિત કરી શકાય નહીં. આ ચુકાદાની હકીકત ધ્યાને લેવામાં આવે તો, આરોપી દ્વારા તેઓના પરિવારના ચાર સભ્યોનું ખુન કરવામાં આવેલ અને આરોપીએ ખુદ પોલીસ સ્ટેશને જઈને ગુનાની પ્રથમ માહિતી અહેવાલ આપેલ હતી. ત્યારબાદ, આરોપી વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી ચાલી જતા નામદાર સેશન્સ અદાલત તથા નામદાર હાઈકોર્ટ દ્વારા આરોપીને ફાંસીની સજાનો હુકમ કરવામાં આવેલ અને આ હુકમને નામદાર સર્વોચ્ચ અદાલત સમક્ષ પડકારવામાં આવતા, નામદાર સર્વોચ્ચ અદાલતે ભારતીય પુરાવા અધિનિયમની ઉપરોક્ત કલમો લક્ષમાં લઈ, આરોપી દ્વારા પોલીસ સમક્ષ આપવામાં આવેલ પ્રથમ માહિતી અહેવાલ કે જે કબુલાત સ્વરૂપની હતી તે તમામ લક્ષમાં લઈ એવુ ઠરાવવામાં આવેલ છે કે, આરોપી દ્વારા પ્રથમ માહિતી અહેવાલમાંથી ગુના સંદર્ભેની "**સ્પષ્ટ કબુલાત**" દુર કરવામાં આવે તો, તેઓને ગુનાના

કામે તકસીરવાન ઠરાવી શકાય તેવો કોઈ પુરાવો નથી તેમજ આરોપી દ્વારા પોલીસ સમક્ષ જે માહિતી આપવામાં આવેલ અને તે માહિતીના આધારે જે સ્થળેથી શબ મળી આવેલ તે અને લોહીના ચિહ્ન સજા કરવા માટે પુરતા નથી. તે તમામ સંજોગોમાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ.

**Supreme Court of India**
**1966 AIR 119,**
**AGHNOO NAGESIA Vs. STATE OF BIHAR**
**Dtd. 04/05/1965**

The appellant was tried for murder. The principal evidence against him consisted of a first information report containing a full confession of the crime. The appellant was convicted under s. 302 Indian Penal Code by the trial court and the High Court upheld the conviction, By special leave he appealed to the Supreme Court. **The question before the court was whether the whole confessional statement in the first information report was banned by s. 25 of the Evidence Act or only those portions of it were barred which related to the actual commission of the crime.**

The first information of the offences was lodged by the appellant himself at police station Palkot on August 11, 1963 at 3-15 p.m. The information was reduced to writing by the officerin-charge,Sub-Inspector H. P. Choudhury, and the appellant affixed his left thumb-impression on the report. The Sub Inspector immediately took cognizance of the offence, and arrested the appellant.

**8.** On behalf of the appellant, it is contended that the entire statement is a confession made to a police officer and is not provable against the appellant, having regard to S. 25 of the Indian Evidence Act, 1872. On behalf of the respondent, it is contended that S. 25 protects only those portions of the statement which disclose the killings by the appellant and the rest of the statement is not protected by s. 25. Section 25 of the Evidence Act is one of the provisions of law dealing with confessions made by an accused. The law relating to confessions is to be found generally in ss. 24 to 30 of the Evidence Act and ss. 162 and 164 of the Code of Criminal Procedure, 1898. Sections 17 to 31 of the Evidence Act are to he found under the heading "Admissions". Confession is a species of admission, and is dealt with in ss. 24 to 30. A confession or an admission is evidence against the maker of

it, unless its admissibility is excluded by some provision of law. Section 24 excludes confessions caused by certain inducements, threats and promises. Section 25 provides : "No confession made to a police officer, shall be proved as against a person accused of an offence." The terms of s. 25 are imperative. A confession made to a police officer under any circumstances is not admissible in evidence against the accused. It covers a confession made when he was free and not in police custody, as also a confession made before any investigation has begun. The expression "accused of any offence" covers a person accused of an offence at the trial whether or not he was accused of the offence when he made the confession. Section 26 prohibits proof against any person of a confession made by him in the custody of a police officer, unless it is made in the immediate presence of a Magistrate. The partial ban imposed by S. 26 relates to a confession made to a person other than a police officer. Section 26 does not qualify the absolute ban imposed by s. 25 on a confession made to a police officer. Section 27 is in the form of a proviso, and partially lifts the ban imposed by ss. 24, 25 and 26. It provides that when any fact is deposed to as discovered in consequence of information received from a person accused of any offence, in the custody of a police officer, so much of such information, whether it amounts to a confession or not, as relates distinctly to the fact thereby discovered, may be proved. Section 162 of the Code of Criminal Procedure forbids the use of any statement made by any person to a police officer in the course of an investigation for any purpose at any enquiry or trial in respect of the offence Order investigation, save as mentioned in the proviso and in cases falling under sub-s (2), and it specifically provides that nothing in it shall be deemed to affect the provisions of S. 27 of the Evidence Act. The words of s. 162 are wide enough to include a confession made to a police officer in the course of an investigation. A statement or confession made in the course of an investigation may be recorded by a Magistrate under s. 164 of the Code of Criminal Procedure subject to the safeguards imposed by the section. Thus, except as provided by s. 27 of the Evidence Act, a confession by an accused to a police office-is absolutely protected under s. 25 of the Evidence Act, and if it is made in the course of an investigation, it is also protected by s. 162 of the Code of Criminal Procedure, and a confession to any other person made by him while in the custody of a police officer is protected by S. 26, unless it is made in the immediate presence of a Magistrate. These provisions seem to proceed upon the view that confessions

made by an accused to a police officer or made by him while he is in the custody of a police officer are not to be trusted, and should not be used in evidence against him. They are based upon grounds of public policy, and the fullest effect should be given to them. Section 27 applies only to information received from a person accused of an offence in the custody of a police officer. Now, the Sub Inspector stated that he arrested the appellant after he gave the first information report leading to the discovery. Prima facie, therefore, the appellant was not in the custody of a police officer when he gave the report, unless it can be said that he was the in constructive custody. On the question whether a person directly giving to a police officer information which may be used as evidence against him -may be deemed to have submitted himself to the custody of the police officer within the meaning of s. 27, there is conflict of opinion. See the observations of Shah, J. and Subba Rao, J. in State of U.P. v. Deoman Upadhyaya(1). For the purposes of the case, we shall assume that the appellant was constructively in police custody and therefore the information contained in the first information report leading to the discovery of the dead bodies and the tangi is admissible in evidence. The entire evidence against the appellant then consists of the fact that the appellant gave **information as to the place where the dead bodies were lying and as to the place where he concealed the tan,-,', the discovery of the dead bodies** and the tangi in consequence of the information, the discovery of a blood-stained chadar from the appellant's house and the fact that he had gone to Dungi Jharan Hills on the morning of August 11, 1963. **This evidence is not sufficient to convict the appellant of the offenses under s. 302 of the Indian Penal Code.**

**ઉપસંહાર :–**

(૧૬) આમ, આ કામે રેકર્ડ પર આવેલ સમગ્ર પુરાવાનુ બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદ પક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧, ૧૦૨ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે જે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપીઓએ તા.૨૩/૦૭/૨૦૧૮ ના રોજ કલાક ૧૫:૩૦ વાગેના સુમારે મોજે વાડી ગામ, રેટા ફળિયાથી વાડી ગામ તરફ જતા રોડ ઉપર આ કામના ફરિયાદી નાઓ પાસેથી ડિલેવરી પાર્સલના રોકડા રૂ.૧૦,૦૦૦/– તથા ફરિયાદીના પોતાના રૂ.૯૦૦/– તથા

ફરિયાદીનો મોબાઈલ ફોન કિંમત રૂ.૫,૦૦૦/- તથા પાર્સલો નંગ-૦૮, કિંમત રૂ.૧૧,૮૩૮/- મળી કુલ રૂ.૨૭,૭૩૮/- ના મત્તાની લૂટ કરી નાસી જઈ પાછળથી પકડાઈ જઈ ગુનો કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૯૨, ૩૪૧, ૧૧૪ મુજબનો ગુનો કરેલાના તહોમતની હકિકતોને સમર્થન મળતુ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી **મુદ્દા નંબર ૦૧ ના નિર્ણય નકારમાં** આપવામાં આવે છે, અને **મુદ્દા નંબર ૦૨** અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧) આ કામના આરોપી નં.(૧) દિપકભાઈ ઉર્ફે ડીપ્સ ઉર્ફે કોળીયો દિનેશભાઈ વસાવા, રહે. જબુગામ, રામપરા ફળિયું, તા.વાલીયા, જિ.ભરૂચ, નં.(૨) વિકેશકુમાર ઉર્ફે જશી રવિદાસભાઈ વસાવા, રહે. ભમાડીયા, તળાવ ફળિયું, તા.વાલીયા, જિ.ભરૂચ તથા નં.(૩) રાકેશકુમાર ઉર્ફે સુનિલભાઈ મનહરભાઈ વસાવા, રહે. ભમાડીયા, કોલોની ફળિયું, તા.વાલીયા, જિ.ભરૂચ નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ-૩૯૨, ૩૪૧, ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ની કલમ-૪૩૭(ક) મુજબના અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન રજુ રાખવા.

(૩) આ કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ અન્વયે વચગાળાની કસ્ટડી તરીકેનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવા અન્યથા સદર મુદામાલની માલિકીની ખરાઈ કરી માલિકને કાયદા અનુસાર પરત સોંપવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭મી, માહે માર્ચ, સને-૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૭/૦૩/૨૦૨૬<br>
સ્થળ:ઉમરપાડા, જિ.સુરત

( વિપુલભાઈ નાગરભાઈ પટેલ )<br>
જયુડી. મેજિ. ફર્સ્ટ કલાસ,<br>
ઉમરપાડા, જિ.સુરત ( જીજે૦૧૭૬૬ )